# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# પુરૂષાર્થ ? કે પ્રવચન ?

## જૈનો જાગો

લેખાંક : ૧૮

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

આપણે આગળના લેખાંકોમાં સદ્‌ગુરુના ગુણો અને લક્ષણોની વિચારણા કરી, બાળજીવો સદ્‌ગુરૂને શા માટે ઓળખી શકતા નથી તેની વિચારણા કરી. અને હવે અસદ્‌ગુરૂના (કુગુરૂના) ગુણો અને લક્ષણોની વિચારણા કરીએ.

મોક્ષમાર્ગમાં ચાલવાના ત્રણ પ્રકાર છે. (યોગમાર્ગ, ભક્તિ માર્ગ અને જ્ઞાનમાર્ગ). આ ત્રણેય માર્ગ જીવ ભાવે માર્ગાનુસારી થાય એની પછી સમયે સમયે આ ત્રણ પ્રકારમાંથી જીવ કોઈપણ એક પ્રકારે મોક્ષમાર્ગથી મોક્ષગામી બને છે. શ્રી તીર્થંકર પરમાત્માએ પાંચમા આરાના લગભગ ૨૫૦૦ વર્ષ પછી જૈન ધર્મની (સિધ્ધાંત બોધની) ઉન્નતિ થશે તેવી આગમવાણી ભાખેલી હતી, તેની વિચારણા કરીએ.

શ્રી તીર્થંકર પરમાત્માની હાજરી અને તેમની ગેરહાજરી પછી થોડા સમય સુધી કેવળી ભગવંતોની અને અન્ય જ્ઞાની પુરૂષોની હાજરી હોવાથી જ્ઞાનમાર્ગ પ્રકાશીત હતો. એ સમય પછી યોગમાર્ગે જ્ઞાની પુરૂષો થયેલા અને તેમણે યોગ સ્વરૂપે મોક્ષમાર્ગ પ્રકાશીત કરેલ. (લોકભાષામાં ન હોવાથી બાળજીવોને સમજવામાં મુશ્કેલી પડે). યોગમાર્ગમાં તે વખતના જ્ઞાની પુરૂષોમાં ઘણા આચાર્ય ભગવંતો થયેલા જેમ કે **શ્રી જીનકુશળસુરીજી, શ્રી હેમચંદ્રાચાર્યજી, શ્રી હિરસુરી ભગવંત** વિગેરે યોગમાર્ગના પ્રખર જ્ઞાની પુરૂષો થયેલા. યોગમાર્ગનો સમય પૂરો થયા પછી ભક્તિમાર્ગ શરૂ થયો અને ભક્તિમાર્ગમાં ઘણા આચાર્ય ભગવંતો થયેલા જેમ કે

*** સત્સંગ ***
**શુભ, અશુભ અને શુધ્ધનો જે ભેદ પમાડે તેનું નામ ધર્મ**

**શ્રી દેવચંદ્રસુરીદેવ, શ્રી માનતુંગસુરી દેવ, શ્રી આનંદઘનજી** વિગેરે ભક્તિમાર્ગે જ્ઞાની પુરૂષો થયેલા અને ભક્તિ ગીતોમાં મોક્ષમાર્ગ

**અસદ્‌ગુરૂ અર્થ વધારવાના બળવાન ઉપાય બતાવે છે. અને સદ્‌ગુરૂ અર્થનું પ્રમાણસર કરાવીને વધારાનું ત્યગાવે છે.**

પ્રકાશીત કરેલ. અને ભક્તિમાર્ગનો યોગ પૂરો થયા પછી હવે જ્ઞાનમાર્ગ શરૂ થયો અને છેલ્લા લગભગ ૧૦૦ વર્ષોમાં સમયે સમયે શ્રી આચાર્ય ભગવંતો અને શ્રાવકપણામાં જ્ઞાની પુરૂષો થયેલા છે. અને એ જ્ઞાની પુરૂષોને સર્વ સંપ્રદાયો (દિગંબર, શ્વેતાંબર અને સ્થાનકવાસી)માં સ્વીકાર્યા છે. અને જેમનાં લખાણથી (પત્રાંક, પુસ્તક) બાળજીવો પરિણામ પ્રાપ્ત કરવાની લાયકાત કેળવે છે. એવા જ્ઞાની પુરૂષ, **શ્રીમદ્ રાજચંદ્રદેવ** ગણાય કે જેમણે શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલો ધર્મ લોકભાષામાં પ્રગટ કર્યો, વર્તમાનમાં જ્ઞાની પુરુષો લોકભાષામાં પ્રગટ કરે, અને આવતા કાળમાં થનાર જ્ઞાની પુરુષો જ્ઞાનમાર્ગથી મોક્ષમાર્ગ પ્રકાશીત કરશે. જ્ઞાની પુરૂષાએ આવા પ્રકારે મોક્ષમાર્ગ પ્રકાશીત કરવાનું કારણ બાળજીવોને દેશકાળ પ્રમાણે બુધ્ધિબળ, મનોબળ અને શરીર બળ અલગ અલગ અવસ્થા પ્રમાણે મળે છે. અને આ અવસ્થા પ્રમાણે

**• મોક્ષમાર્ગના આઠ ક્રમ •**

૧) મોક્ષમાર્ગના ધર્મની જાણકારી મેળવવી. (વાંચીને કે સાંભળીને)
૨) મેળવેલી જાણકારી ઉપર વિવેકપૂર્વક ચિંતન-મનન કરવું.
૩) એ ચિંતન મનન પ્રમાણે પુરૂષાર્થ કરવો.
૪) પુરૂષાર્થના ફળસ્વરૂપે અનુભવ થવો.
૫) અનુભવના કારણે શ્રધ્ધામાં આવવું.
૬) શ્રધ્ધા સાથેના પુરૂષાર્થ થકી સ્વભાવ બનવો.
૭) એ સ્વભાવ થકી સંસ્કાર બનવા. (ગુણો પ્રગટવા)
૮) ગુણોનું પૂર્ણપણું તે કેવળજ્ઞાન.

''અનંત ભવભ્રમણથી ગુણો જે વિભાવ બનેલા હતા તે સ્વભાવ બનીને પ્રકાશીત થયા.''

મોક્ષમાર્ગ પ્રકાશીત થાય છે. અને તેની વિશેષ વિચારણા ભાવિ લેખાંકમાં કરીશું.

જ્ઞાની પુરૂષો (સદ્‌ગુરૂ) જન્મે છે જ્યારે અસદ્‌ગુરૂ (કુગુરૂ) બને છે. તે કેવી રીતે બને છે, તેની વિચારણા કરીએ. જીવ સંસારભાવમાંથી ધર્મ તરફ વળવાના મુખ્ય બે કારણો હોય છે. (નાના અનેક કારણો હોઈ શકે) જીવ ધર્મમાં દુઃખે કરીને વળે છે અથવા ભયે કરીને વળે છે. દુઃખે કરીને વળવાના કારણમાં જીવને

**અસદ્‌ગુરૂ હિંસા ત્યગાવે, સદ્‌ગુરૂ હિંસાત્મક ભાવ કઢાવે.**

મધ્યમ ઉંમર પછી (પચાસ પછી) સંસારમાં કોઈપણ પ્રકારનો આઘાત લાગે છે. અને સંસારમાં કોઈપણ પ્રકારનો દુઃખદ આઘાત લાગે છે અને સંસારમાં જીવન જીવવાની રૂચી દબાઈ જાય છે. અને ત્યારે ધર્મનું વાંચન અથવા જ્ઞાની પુરૂષોના લખાણનું વાંચન કરીને જીવ શાતા પામે છે. અને એ લખાણોનું ચિંતન મનન કરે છે.

**સારૂં બોલે તે વક્તા, સાચું બોલે તે સંત**

અને એ પ્રકારે એ લખાણોની બુધ્ધિની તિક્ષ્ણતાએ વિસ્તરણ કરવાની સિધ્ધી પ્રાપ્ત કરે છે. (બુધ્ધિથી) અને સંસારના ઘણા પ્રકારના વ્યવહારીક કાર્યો લગભગ પૂરા કરેલા હોય છે. અને અર્થનું બળવાનપણું હોય તેથી જ્ઞાની પુરૂષોના લખાણોનું વધારે સમય

**જીવને ભવભ્રમણમાં ભટકવાનું મુખ્ય કારણ : સંસારભાવનું બળવાનપણું ? કે અસદ્‌ગુરૂનું આશ્રિતપણું ?**

વાંચન કરી શકે છે. અને પોતાની અંતરદશા સુધારે છે. (અંતરમુખીપણું થોડું ઘણું પ્રાપ્ત કરે છે.) આ સ્થિતી લગભગ શ્રાવકપણામાં હોય છે. અને જીવને જો નાની ઉંમરે કૌટુંબિક સંસ્કારો અનુકુળ મળે અને વધારે સમય

**જીવ મતિજ્ઞાનની નિર્મળતાએ અને સત્યની ઝુરણાંએ ધર્મનું મનન કરે તો મોક્ષમાર્ગ સરળ છે, સદ્‌ગુરૂ સુલભ છે અને મોક્ષ સહજ છે.**

ધર્માચાર્યો પાસે રહે અને સંસારભાવ કરતા ધર્મભાવ વધે તો જીવ ભયે કરીને (સંસારીક ભય) સાધુપણું ધારણ કરે છે. એ સાધુપણું ધારણ કરતી વખતે બાળજીવને સંસારના કોઈ દુઃખોની અનુભૂતી થયેલી ન હોય (સંસારીક કોઈ જવાબદારી ન હોવાથી) એ જીવો લગભગ વીસ વર્ષની આસપાસ સંસારના સર્વ કાર્યોથી અને સર્વ દુઃખોથી દૂર હોવાથી દુઃખની અનુભૂતી થતી નથી અને એ કારણે લગભગ બાળજીવો, વીસ પચીસ વર્ષની આસપાસની ઉંમરનાં, જો સંસાર માંડ્યા પહેલા જો સાધુપણું અંગીકાર કરે તો એ ભયે કરીને ધર્મ તરફ વળે છે. આ પ્રકારે જીવો ધર્મ તરફ વળે છે અને વળ્યા પછી શાસ્ત્રનું વાંચન કરે છે. ચિંતન, મનન કરે છે. અને એ રીતે બાળજીવો ઘણા પ્રકારે ઉદાસીન

**આ જગતમાં મોટામાં મોટું જો કોઈ માન હોય તો ધર્મનું માન છે. અને જીવ ગુણો વગર ધર્મના માનમાં પડે તો મહા મોહનીય કર્મનો બંધ બાંધે.**

વૃત્તિ કેળવવાની કોશિષ કરે છે. આવી રીતે બંને પ્રકારના જીવો મોક્ષમાર્ગમાં ચાલવાના જે (ઉપર કોઠામાં દર્શાવ્યા મુજબ) ક્રમ છે, એ ક્રમમાં બીજા ક્રમ સુધી સમજણપૂર્વક આવે છે.

*** સત્સંગનું ફળ ***
**સંસારભાવ, ધર્મભાવ અને મોક્ષભાવ. અલગ અલગ પ્રકારની યથાર્થ સ્વરૂપની સમજણમાં રખાવે.**

ઉપર જણાવેલ બે પ્રકારના જીવો બીજા ક્રમ સુધી સમજણપૂર્વક આવીને જ્યાં ત્રીજા ક્રમમાં પુરૂષાર્થ કરવાનો છે, ત્યાં પુરૂષાર્થ કરતાં કરતાં બાળજીવોને સ્વાધ્યાયકાર, સુપાત્ર અથવા ઉપાધ્યાયજી

**જીવ સદ્‌ગુરૂ અને અસદ્‌ગુરૂનો સમજે ભેદ તો પામે સ્વદેશ (મોક્ષ)**

સમજીને બાળજીવોને (પોતે ગુરુપદ લીધા વગર) ધર્મ સમજાવે તો તે જીવ પરિણામ પામે છે. અને જો પ્રવચનમાં પડી જાય અને પોતાની જાતે ગુરુપદ ધારણ કરે તો અસદ્‌ગુરુ બની જાય છે. અને ધર્મનું માન મેળવવાની મોટી વૃત્તિ જાગે છે. (ધર્મનાં માનથી મુક્તિ મેળવવી મુશ્કેલ છે.) અને એ વૃત્તિના કારણે જીવ જગતની સામે પોતાનું ગુરુપણું બતાવે છે. અને પોતાની જાતને મોટા ધર્મીમાં ખપાવે છે. અને ધર્મી હોવાનો મોટો દેખાવ કરે છે. અને પૂર્વમાં થયેલા જ્ઞાની પુરૂષોના આત્મલક્ષી વાક્યોનું પોતાને ફાવતું અને પોતાને અનુકુળ અર્થઘટન કરે છે. અને પૂર્વમાં થયેલા જ્ઞાની પુરૂષોના ગુણો જાણીને ગુણો પ્રગટાવવાની બદલે લક્ષણો ધારણ કરે છે. જીવો બીજા ક્રમ પછી ત્રીજામાં આવવાની બદલે (પુરૂષાર્થમાં આવવાની બદલે) પ્રવચનમાં પડી જાય છે. અને જીવને ધર્મ વિષે સ્વચ્છંદનો ગુણ (અવગુણ) પ્રગટ થાય છે. અને જીવ સ્વચ્છંદમાં વર્તવા માટે પોતે માનેલા ગુરુની અવગણના કરે છે. અને ધર્મને નામે ગુરુથી જુદા પડે છે. (મનભેદને વિચારભેદનું કારણ બનાવે છે.) અને જીવ પૂર્ણ સ્વચ્છંદી બનીને વર્તે છે અને ફાવે તે રીતના શાસ્ત્રના અર્થઘટનો કરીને બાળજીવોને ભવભ્રમણમાં (પૂણ્યના નામે) ભટકાવે છે. અને ભાવની બદલે દ્રવ્યની વાત આગળ કરીને, ભાવને ભુલાવી દે છે. અને બાળજીવોને મોક્ષમાર્ગની આખી સમજણ આપવાને બદલે આંખો બંધ કરીને અને બુધ્ધિમાં પણ આપ્યા વગર પોતાની વાતોને અનુસરવાની સલાહ આપે છે. અને બાળજીવને ભયભીરૂ બનાવી દે છે. અને બાળજીવોને સમકિતની, ક્ષાયિક સમકિતની લ્હેંચણી કરીને કેવી રીતે પોતાની સાથે બાંધી રાખે છે. અને પોતાને છોડીને જશે તો કેવા પ્રકારના પરિણામો આવશે તેની બીક બતાવીને કેવી રીતે બાળજીવોને છેતરે છે, અસદ્‌ગુરૂના (કુગુરૂના) કેવા લક્ષણો, કેવી વાણી, કેવું વર્તન અને બીજા જીવો સાથે કેવો વ્યવહાર હોય છે તેની વિશેષ વિચારણા યોગે કરીને ભાવિ લેખાંકમાં કરીશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.